**મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪, મુંબઈ પશુ પ્રત્યે ક્રૂરતા નિવારણ ધારો ૧૯૬૦ તથા ધી ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ તેમજ અન્ય કાયદાઓ અન્વયે ગૌવંશની ગેરકાયદેસર હેરફેર, કતલ અને પશુક્રૂરતા અટકાવવા બાબત.**

ગૃહ વિભાગ

ગુજરાત સરકાર

પરિપત્ર ક્રમાંક:[redacted]પસઅ/૧૦૨૦૧૫/૧૪૮૦.

સચિવાલય, ગાંધીનગર

તા.૧૨/૧૦/૨૦૧૫

**પરિપત્ર**

ગૌવંશની ગેરકાયદેસર કતલ અને પશુક્રૂરતાની બાબત તથા ગૌવંશ પશુઓની ગેરકાયદેસર હેરાફેરી અટકાવવા બાબતે સરકારે વખતો વખત સૂચનાઓ પણ પરિપત્રો/ઠરાવોથી બહાર પાડેલ છે. પરંતુ, કાયદાઓમાં વખતો વખત થયેલા સુધારા તેમજ અદ્યતન નિયમો બાબતે જાણકારી ન હોવાને કારણે ગુનેગારો સામે નિયમો મુજબ પગલાં લેવા બાબતમાં આધાર/પુરાવા સંકલિત ન થવાના કારણે સખ્તાઇથી અમલ થઇ શકતો ન હોવાનું જોવા મળે છે. આથી, આ કાયદા અંગે લોકોમાં જાગૃતતા લાવવાના હેતુથી તથા આવી ગેરકાયદેસર પ્રવૃતિ અટકાવવામાં લોકો પણ ભાગીદાર બને તે જરૂરી છે. લોકો દ્વારા આ પ્રકારની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓની માહિતી સક્ષમ સત્તાધિકારીઓ સુધી પહોંચાડવામાં આવે તો આવી પ્રવૃતિઓમાં સંડોવાયેલ ગુનેગારોની માહિતી મળવાથી આવી પ્રવૃતિ અટકાવવા ત્વરીત/સઘન પગલાં લઇ શકાય છે. અગાઉ સરકારશ્રી તથા સ્થાનિક તંત્ર દ્વારા વખતો વખત પરિપત્રો/સૂચનાઓ બહાર પાડેલ છે. તેમા થયેલ અદ્યતન નિયમો સુધારા વધારાઓને ધ્યાને લઇ તેનો અમલ કરવાથી આવી પ્રવૃતિઓમાં સંડોવાયેલ ગુનેગારોને સજા થઇ શકે અને આવી ગેરકાયદેસર પ્રવૃતિ પણ અટકાવી શકાય તેમ જણાય છે. આવા હેતુ માટે કાયદાઓમાં/નિયમોમાં થયેલ અદ્યતન સુધારાઓ સહિતનો અદ્યતન સંકલિત પરિપત્ર બહાર પાડવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. જે ધ્યાને લઇ નીચે મુજબની સૂચનાઓ/બાબતો તથા એનેક્ષર-એ માં દર્શાવેલ કાયદા/અધિનિયમો/નિયમો મુજબ કાર્યવાહી કરવા આથી, જણાવવામાં આવે છે .

૨. રાજયના કોઇ એક સ્થળે થી અન્ય કોઇ સ્થળે વધના હેતુ માટે અથવા વધ કરવાનો સંભવ હોય તેવી જાણકારી સાથે પશુની હેરફેર કરવા માટેની સક્ષમ સત્તાધિકારીની પરમિટ મેળવ્યા સિવાય પશુઓની હેરફેર કરનાર, કરાવનાર, ગૌમાંસ અથવા ગૌમાંસની બનાવટની હેરફેર કરનાર, કરાવનાર વિરુધ્ધ, મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ ૧૯૫૪ની કલમ ૫,૬ અને ૮, તથા ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ-૨૦૧૧ની કલમ ૬(ક), ૬(ખ) અન્વયે ગુનો દાખલ કરી કાર્યવાહી કરવાની રહેશે. જે મુજબ પશુઓ તથા

વાહન જપ્તીની તારીખથી ૬-માસ સુધી અથવા કોર્ટના ચૂકાદા સુધી જપ્ત કરી શકાય છે, તેમજ દોષિત ઠર્યેથી પચાસ હજાર રૂપિયા સુધીના દંડની તથા એક થી સાત વર્ષ સુધીની કેદની જોગવાઇ છે. જો મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમા ગુનો બનેલ હોય તો બી.પી.એમ.સી એકટ ૧૯૪૯ ની કલમ ૩૨૫ અને ૩૭૬(૧) મુજબ પણ ગુનો નોંધી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

૩. ધી બોમ્બે મ્યુનિસિપલ પ્રોવિન્શીયલ કોર્પોરેશન એક્ટ-૧૯૪૯ અને ગુજરાત મ્યુનિસિપલ એક્ટ-૧૯૬૩ અન્વયે માન્યતા પ્રાપ્ત કતલખાના હોય તે સિવાય પ્રાણીની કતલ થઇ શકતી નથી. ભારત સરકારના ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ-(સ્લોટર હાઉસ રૂલ્સ) – ૨૦૦૧ અન્વયે રજીસ્ટર્ડ કતલખાના સિવાય પ્રાણીની કતલ કરી શકાતી નથી. આ જોતા ગેરકાયદેસર પશુની કતલ/વધ પ્રતિબંધીત હોવાથી તેવી પ્રવૃત્તિ ચાલતી હોય તો કાયદા મુજબ ત્વરીત પગલા લઇ અટકાવી શકાય છે.

૪. ગૌવંશ તથા અન્ય પશુઓની ક્રુરતા પૂર્વક અને ગેરકાયદેસર હેરફેર, તથા ગેરકાયદેસર રીતે કતલ કરવાની પ્રવૃત્તિ બાબતમાં મુંબઈ પશુ સંરક્ષણ અધિનિયમ-૧૯૫૪ની કલમ-૬ નીચે પગલાં લેવાના હોય છે. તેમા ગેરકાયદેસર કતલખાનું ચલાવતા સંચાલકો, ગેરકાયદેસર મટન રાખતા દુકાનોની સમયાંતરે તપાસ કરીને પશુઓની કતલ તથા ગેરકાયદેસર હેરાફેરી અટકાવવી તેમજ મહાનગરપાલિકા, નગરપાલિકા, પશુપાલનખાતું, પંચાયતખાતુ, વાહન વ્યવહારખાંતા તેમજ અન્ય સંબધિત ખાતાના સંકલનમાં રહીને ગેરાકાયદેસર રીતે થતી ગૌવંશની હેરાફેરી તેમજ ગેરકાયદેસર કતલખાના મટન વેચતી દુકાનો વગેરે તાત્કાલિક રીતે દૂર કરવાની કાર્યવાહી કરીને, પુનઃ ન થાય તેની કાળજી લેવાની બાબત ધ્યાને લેવાની રહે છે.

૫. ગેરકાયદેસર પશુઓ વહન કરતા વાહનો ધોરી માર્ગો પરથી નીકળે તેનું ચેકીંગ R.T.O દ્વારા સઘન કરી, તેવી પ્રવૃત્તિ અટકાવવા ગુના નોંધીને કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવા સહિતની કાર્યવાહી કરવામાં આવે તેમાં કૃષિ વિષયક હેતું માટે ગૌવંશને હેરાફેરી/પરિવહન કરતાં વેપારી-પશુપાલકોને બિનજરૂરી કનડગત ન થાય તે ખાસ ધ્યાને લેવું. કૃષિ વિષયક અથવા પશુપાલનના હેતુની વ્યાખ્યા ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) નિયમો,૨૦૧૧ના નિયમ ૨(ક)(૩) મુજબની ગણવા જણાવવામાં આવે છે.

૬. પશુઓની ગેરકાયદેસર હેરફેરી, ગેરકાયદેસર કતલખાના કે કતલ ચલાવતા કે ગેરકાયદેસર ગૌમાંસ વેચતા ઈસમોની પ્રવૃત્તિ થી લોકોની ધાર્મિક લાગણી દુભાતી હોય છે. આવી પ્રવૃત્તિની બદી દુર કરવા માટે સરકારે ગુજરાત અસામાજીક પ્રવૃત્તિ અટકાવવા બાબતનો અધિનિયમ-૧૯૮૫માં સુધારો કરીને "પાસા" માં "ક્રુરવ્યકિત" કેટેગરીમાં સંડોવાયેલ ઈસમોને પકડવાની જોગવાઈ કરી છે. તે મુજબ ત્વરીત પગલા કરીને આવી પ્રવૃતિ તાત્કાલિક અટકાવી શકાય તેમ છે. આથી. પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ-૧૯૬૦ તથા પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો ૧૯૭૮ તેમજ મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમની કલમ-૮ હેઠળનો શિક્ષાપાત્ર ગુનો એકથી વધુ વાર કરે, કરાવે, કરાવવાની કોશીષ કરે અથવા મદદગારી કરે તે વ્યકિતને "ક્રુરવ્યક્તિ" તરીકે ગણી અટકાયતી પગલા ભરવા પણ જણાવવામાં આવે છે.

૭. ગૌરક્ષકો તથા જિવદયા પ્રેમીઓ દ્વારા રેફ્રીજેટેડ ટ્રકમાં પરવાના સાથે પરીવહન થતા વાહનમાં ગૌમાંસ હોવા બાબતે ફરીયાદ થતી હોય છે અને અનઅધિકૃત રીતે વાહનચાલકોને રોકવામાં આવે છે. વાહનોમાં ગૌમાંસ હોવાનું જણાય તો ગૌમાંસની ચકાસણી માટે તાત્કાલિક ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના મોબાઇલ ટેસ્ટીંગ યુનિટ મારફતે માંસનુ સ્થળ પર પરીક્ષણ કરાવીને સમયમર્યાદામાં રીપોર્ટ મેળવી લેવા જણાવવામાં આવે છે. જેથી માંસની નિકાસ કરનાર એક્ષપોર્ટર્સને નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાની ગાઇડ લાઇન મુજબ બિનજરૂરી હેરાનગતિ ન થાય. જ્યારે રેફ્રીજરેટેડ ટ્રકમાં ગૌમાંસનું પરીવહન થતુ હોય તો પણ આવી ગેરકાયદેસર પ્રવૃતિ કરનાર સામે કાયદા અનુસાર જરૂરી પગલા લેવાના રહે છે.

૮. રાજયમાં ધાર્મિક સ્થળે કે જાહેરમાં પશુ-પક્ષીઓનો બલિ ચઢાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આથી, આવા ગુના અટકાવવા અસરકારક જરૂરી પગલાં લેવા તથા ગુનાહિત પ્રવૃતિ થાયતો ધી ગુજરાત એનિમલ એન્ડ બર્ડ સેક્રિફાઇસીસ(પ્રોહિબીશન) ધારો – ૧૯૬૦ હેઠળ ગુનો નોંધવા પણ કાળજી લેવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમ થી અને તેમના નામે.

(સંજય પંડયા)
ઉપ સચિવ (કા.વ્ય.)
ગૃહ વિભાગ

પ્રતિ,

→ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય , ગાંધીનગર.
→ અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુજરાત રાજય , ગાંધીનગર.
→ અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (સી.આઈ.ડી ક્રાઈમ અને રેલ્વેઝ), ગુજરાત રાજય , ગાંધીનગર.
→ તમામ પોલીસ કમિશનરશ્રીઓ.
→ તમામ રેન્જ આઈ.જી/આઈ.જી.પી.
→ તમામ પોલીસ અધિક્ષકશ્રી, (વેસ્ટન રેલ્વે વડોદરા સહિત )
→ તમામ જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.
→ કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
→ સિલેકટ ફાઇલ.

## એનેક્ષર - એ

| ક્રમ | એક્ટ | |
|---|---|---|
| ૧ | મુંબઇ પશુ સંરક્ષણ અધિનિયમ – ૧૯૫૪ | |
| ૨ | ધી મુંબઇ પશુ સંરક્ષણ (ગુજરાત) રુલ્સ – ૧૯૬૭ | |
| ૩ | ધી ગુજરાત પશુ સંરક્ષણ(સુધારા) અધિનિયમ- ૨૦૧૧ | |
| ૪ | પશુ ક્રુરતા નિવારણ અધિનિયમ – ૧૯૬૦ | |
| ૫ | પ્રાણીઓની હેરફેર અંગેના નિયમો – ૧૯૭૮ | |
| ૬ | ગુજરાત કેટલ મુવમેન્ટ ઓર્ડર – ૧૯૮૫ | |
| ૭ | ધી ગુજરાત મોટર વ્હીકલ એક્ટ | |
| ૮ | ભારતીય ફોજદારી ધારો – ૧૮૬૦ | |
| ૯ | ગુજરાત નગરપાલિકા અધિનિયમ - | |
| ૧૦. | મુંબઇ પ્રોવીન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એક્ટ – ૧૯૪૯ | |
| ૧૧. | ગુજરાત પંચાયત અધિનિયમ – ૧૯૯૩ | |
| ૧૨. | ધી પ્રિવેન્શન ઓફ ક્રુઅલ્ટી ટુ એનિમલ એક્ટ(સ્લોટર હાઉસ રુલ્સ) – ૨૦૦૧ | |
| ૧૩. | પાસા એક્ટ – ૧૯૮૫ | |
| ૧૪. | ધી ગુજરાત એનીમલ એન્ડ બર્ડ સેકીફાઇસ(પ્રોહીબીશન) ધારો-૧૯૬૦ | |